GJVD050008192026

**ક્રિમી. પ.અ.નં. ૧૧૬/૨૦૨૬**

**સાવલી પો.સ્ટે. ગુના રજી.નં. ૧૧૧૯૭૦૪૭૨૬૦૧૭૭/૨૦૨૬, બીએનએસની કલમ- ૧૧૭(૨),૧૧૮(૨),૨૯૬(બી),૧૧૫(૨)૨,૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના કામે આરોપીઓ (૧) યોગેશસીંહ ચૌહાણ (૨) યશરાજસીંહ પરમાર (૩) જીતેન્દ્રસીંહ પરમાર (૪) ગોપાલસીંહ પરમારનાઓની ભારતીય ન્યાય સંહીતાની કલમ- ૪૮૧ મુજબની જામીન અરજી લગત હુકમ :-**

---

(૧) આરોપીઓ તરફે વિ.વકીલશ્રીઓએ જામીન અરજીના સમર્થનમાં દલીલ કરેલ છે કે, આરોપીઓ નિર્દોષ છે. આરોપીઓ સાવલીના રહેવાસી છે. આરોપીઓએ આવો કોઇ ગુનો કરેલ નથી. ફરીયાદી તથા આરોપીઓ સામ સામે રહે છે. આરોપીઓને સદરહું ગુન્હામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આરોપીઓની સદરહું ગુન્હાના કામે ફકત શંકાના આધારે ધરપકડ કરવામાં આવેલી છે. આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુન્હો કરેલો નથી. અરજદારો અરજીમાં જણાવેલ સરનામે કુટુંબ કબીલા સાથે રહે છે અને સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે જેથી આરોપીઓ નાસી ભાગી જાય તેમ નથી. અરજદારોને આ ગુનાના કામે પ્રથમ દર્શનીય સંડોવણી જણાઇ આવતી ન હોય તેવાં સંજોગોમાં યોગ્ય તે રકમના રેગ્યુલર જામીન પર મુકત કરવા ન્યાયી અને વ્યાજબી છે. વધુમા અરજદારોને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનું પાલન કરશે તેમજ ટ્રાયલ દરમ્યાન નિયમીત હાજર રહેશે અને તપાસમાં સંપુર્ણ સાથ અને સહકાર આપશે અને અરજદારોને જામીન પર મુકત કરવાથી તપાસને કોઇ વિપરીત અસર થશે નહી તે તમામ બાબતો ધ્યાને લઇ અરજદારને યોગ્ય તે રકમના રેગ્યુલર જામીન પર મુકત કરવા ન્યાયીક હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી દલીલોમાં જણાવેલ છે કે, આરોપીઓ સામે બીએનએસની કલમ- ૧૧૭(૨),૧૧૮(૨),૨૯૬(બી),૧૧૫(૨)૨,૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. જેથી ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઇ ધ્યાને લેતાં આરોપીઓની હાલની જામીન અરજી નામંજુર કરવી જોઇએ.

(૩)આ કામે જામીન અરજી, એફ.આઇ.આર., સાહેદોના નિવેદનો,વિ.એપીપીશ્રીનો જામીન અરજી લગત શેરો તથા ચાર્જશીટ વંચાણે લીધા. એફ.આઇ.આર. વંચાણે લેતાં, આ કામના આરોપીઓએ ફરીયાદી તેમજ સાહેદો સાથે ગાળા ગાળી કરી આરોપી નં.૧ નાએ સાહેદ કીરવતસીંહ અમરસીંહ ચૌહાણને માથામાં ડાબી બાજુ પાવડાની મુદર મારી અને આરોપી નં.૨ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધેલ ત્યારે આરોપી નં.૩ નાએ ફરીયાદીને બરડાના ભાગે તેમજ ડાબા હાથે તેમજ બંને પગની જાંઘોમાં લાકડીની ઝાપટો મારેલ તેમજ આરોપી નં.૪ નાએ સાહેદ અમરસીંહ ઉદેસીંહ ચૌહાણને ડાબા હાથના ખભા ઉપર તેમજ બરડામાં લાકડીની ઝાપટ મારી ફ્રેકચર કરી દીધેલ અને સાહેદ ચંદનબેન, સાહેદ અમરસીંહને છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૪ નાએ સાહેદ ચંદનબેન અમરસંહ ઉદેસીંહ ચૌહાણને જમણા હાથના કાંડા ઉપર લાકડીની ઝાપટ મારી દઇ ફ્રેકચર કરી બીએનએસની કલમ- ૧૧૭(૨),૧૧૮(૨),૨૯૬(બી),૧૧૫(૨)૨,૫૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે. જો આરોપીઓને જામીન મુકત કરવામાં આવે આવે તો તેઓની અદાલત સમક્ષ ટ્રાયલ દરમ્યાન ઉપસ્થીત થવાની શકયતા નહીત છે. આમ, આરોપીઓ આ ગુનામાં સંડોવાયેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાઇ આવે છે. હવે જયારે જામીન અરજીની વિચારણા કરવાની હોય ત્યારે આરોપીઓ વિરુદધ આક્ષેપિત ગુનાની ગંભીરતા,ગુનાનું સ્વરૂપ, ગુનાનો પ્રકાર સંભવિત સજાની જોગવાઇ જોતાં તથા સદર ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી મળી આવશે કે કેમ વિગેરે હકીકતો ધ્યાને લેવાની રહે છે જે હકીકત જોતાં આરોપીઓ વિરુદધ ગંભીર ગુનાનો આક્ષેપ કરવામાં આવેલ છે તથા બીએનએસની કલમ- ૧૧૭(૨),૧૧૮(૨),૨૯૬(બી),૧૧૫(૨)૨,૫૪

તથા જી.પી. એકટની કલમ–૧૩૫ અન્વયેના સજાની જોગવાઇ ધ્યાને લેતાં તેમજ આરોપીઓએ પોતાના આર્થીક ફાયદા સારૂ ઉપરોકત ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોવાનું જણાઇ આવતું હોય તથા એફ.આઇ.આર. વંચાણે લેતાં આરોપીઓએ પ્રથમ દર્શનીય રીતે ગુનો કરેલ હોવાનું ફલિત થાય છે. સજાની જોગવાઇ, ગુનાની ગંભીરતા અને આરોપીની ભુમિકા ધ્યાને લેતાં જામીન અરજી મંજુર કરવી ઉપરોકત કારણોસર ગેરવ્યાજબી જણાઇ આવે છે જેથી ઉપરોકત કારણોસર પણ આરોપીને જામીન મુકત કરવો ન્યાયોચિત જણાતું નથી જેથી તેવા સંજોગોમાં હાલની જામીન અરજી નામંજુર થવાને પાત્ર ઠરતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**: હુકમ :**

– સાવલી પો.સ્ટે. ગુના રજી.નં. ૧૧૧૯૭૦૪૭૨૬૦૧૭૭/૨૦૨૬, બીએનએસની કલમ– ૧૧૭(૨),૧૧૮(૨),૨૯૬(બી),૧૧૫(૨)૨,૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના કામે આરોપીઓ (૧) યોગેશસીંહ ચૌહાણ (૨) યશરાજસીંહ પરમાર (૩) જીતેન્દ્રસીંહ પરમાર (૪) ગોપાલસીંહ પરમારનાઓને આપેલ જામીન અરજી ''**નામંજુર**'' કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૬ ના રોજ, માહે– માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : સાવલી
તારીખ : ૧૬/૦૩/૨૦૨૬

(અભિજીત કે. માવળંકર)
એડી.ચીફ જયુ. મેજી.
સાવલી
કોડ નં. GJ00677

ડી.એ. જાની ગુજ.સ્ટેનો.